# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

***************************************************

1. કેબિનેટ સચિવ ટી.વી.સોમનાથને કહ્યું- પ્રધાનમંત્રીના મુખ્ય પ્લેટફોર્મ પ્રગતિનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સુધારવાનો છે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હીમાં ભગવાન બુદ્ધના પવિત્ર પીપ્રહવા અવશેષોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.
3. પ્રધાનમંત્રીએ ગુજરાતના અમદાવાદના ફ્લાવર શૉને સર્જનાત્મકતાની સાથે લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું
4. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કહ્યું કે ભારતને આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે
5. કેન્દ્ર સરકારે ઇલેક્ટ્રોનિક ઘટક વિનિર્માણ યોજનાના ત્રીજા તબક્કામાં 22 નવા પ્રસ્તાવોને મંજૂરી આપી
6. ઓપરેશન સિંદૂર દરમિયાન પંજાબમાં ભારતીય લશ્કરી સ્થળો પર હુમલો કરવાના પાકિસ્તાનના દાવાઓને ભારતે નકારી કાઢ્યા

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## CABINET SECY- PRAGATI

કેબિનેટ સચિવ ટી.વી.સોમનાથને જણાવ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રો-એક્ટિવ ગવર્નન્સ અને સમયસર અમલીકરણ માટે પ્રધાનમંત્રીના મુખ્ય પ્લેટફોર્મ - પ્રગતિની કલ્પના કરી હતી. તેમણે કહ્યું કે, પ્રગતિનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સુધારવાનો છે જેથી સમસ્યાઓ અને અવરોધોનો સામનો કરી રહેલા મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સને ઝડપી બનાવી શકાય.

નવી દિલ્હીમાં પ્રગતિની 50મી બેઠકમાં મીડિયાને સંબોધતા, શ્રી સોમનાથને કહ્યું કે, આ એક એવી પદ્ધતિ છે જે દસ વર્ષથી અમલમાં છે. તેમણે કહ્યું કે, પ્રગતિ મિકેનિઝમ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારોના સક્રિય સહયોગ દ્વારા પ્રોજેક્ટ મોનિટરિંગ, નાગરિકોની ફરિયાદ નિવારણ અને યોજના અમલીકરણની સમીક્ષા માટે ટેકનોલોજી-આધારિત પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી ચોક્કસ પ્રોજેક્ટ્સ અને યોજનાઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે રાજ્યોના મુખ્ય સચિવો અને કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના સચિવો સાથે સીધી પ્રગતિ સમીક્ષા બેઠકોનું નેતૃત્વ કરે છે.

----------

## Prime Minister - Piprahawa

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હીના રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં ભગવાન બુદ્ધ સાથે સંબંધિત પવિત્ર પીપ્રહવા અવશેષોના ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(VOICECAST - SARFIROZI-PIPERHAWA)

----------

## PM FLOWER SHOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ ફ્લાવર શોની પ્રશંસા કરતા કહ્યું કે તે સર્જનાત્મકતા, ટકાઉ વિકાસ અને સમુદાય ભાગીદારીને એકસાથે લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ કાર્યક્રમ શહેરની જીવંત ભાવના અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમને પ્રતિબિંબિત કરે છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે સાબરમતી નદીના કિનારે 14મો અમદાવાદ આંતરરાષ્ટ્રીય ફ્લાવર શો ખુલ્લો મૂક્યો હતો, જેની થીમ "ભારત, એક ગાથા" પર આધારિત છે. આ પ્રદર્શન દેશના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરે છે. આ પ્રદર્શન 22 જાન્યુઆરી સુધી ચાલશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજિત, આ કાર્યક્રમમાં મોટા પાયે ફૂલોની કલાકૃતિઓ દર્શાવવામાં આવી છે અને તે મોટી સંખ્યામાં

લોકોને આકર્ષી રહી છે. વિશ્વના સૌથી મોટા ફૂલ મંડલા અને સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વના સૌથી મોટા ફૂલના ચિત્ર માટે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા બાદ આ કાર્યક્રમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી છે. આ પ્રદર્શને સતત ત્રીજા વર્ષે ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

----------

## Jaishankar-Chennai

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કહ્યું છે કે ભારતને આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે અને ભારત પોતાનું રક્ષણ કેવી રીતે કરવું તે કોઈ નક્કી કરી શકતું નથી. ચેન્નાઈમાં IIT મદ્રાસ ટેક્નો એન્ટરટેઈનમેન્ટ ફેસ્ટિવલ - શાસ્ત્ર 2026 ના ઉદ્ઘાટન પ્રસંગે કહ્યું હતું કે ભારત તેની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી બધું કરશે.

દેશની પડોશી નીતિનો ઉલ્લેખ કરતા, વિદેશ મંત્રીએ કહ્યું હતું કે ભારતે પ્રતિકૂળ પડોશીઓનો સામનો ન કરવો જોઈએ. આપણને આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. વસુધૈવ કુટુંબકમના ભારતના વ્યાપક દ્રષ્ટિકોણનો ઉલ્લેખ કરતા, ડૉ. જયશંકરે કહ્યું હતું કે ભારતની વિદેશ નીતિ વિશ્વને એક પરિવાર અને રાષ્ટ્રીય ક્ષમતાઓ તરીકે માને છે અને ભાગીદારી દ્વારા સમસ્યાઓ ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

----------

# CENTRE - ELECTRONICS MANUFACTURING

કેન્દ્ર સરકારે ઇલેક્ટ્રોનિક ઘટક વિનિર્માણ યોજનાના ત્રીજા તબક્કા હેઠળ 22 નવા પ્રસ્તાવોને મંજૂરી આપી છે. અંદાજિત રોકાણ આશરે 41 હજાર 863 કરોડ રૂપિયા છે. આ પ્રસ્તાવોમાં મોબાઇલ મેન્યુફેક્ચરિંગ, ટેલિકોમ્યુનિકેશન, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, સ્ટ્રેટેજિક ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોટિવ અને માહિતી ટેક્નોલોજી હાર્ડવેર સહિત 11 ક્ષેત્રોમાં ઉત્પાદનોને આવરી લેવામાં આવ્યું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*(ઇલેક્ટ્રોનિક્સ વિશ્વના સૌથી મોટા અને સૌથી ઝડપથી વિકસતા ઉદ્યોગોમાંનો એક છે. તે દેશની આર્થિક અને ટેક્નિકલ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટ્સ આંધ્રપ્રદેશ, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં સ્થપાશે. આ પ્રોજેક્ટ્સ દેશની ઇલેક્ટ્રોનિક્સ પુરવઠા શ્રૃંખલાને મજબૂત બનાવશે, આવશ્યક ઘટકો માટે આયાત પર નિર્ભરતા ઘટાડશે અને ભારતમાં અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.*

*અગાઉ, ઇલેક્ટ્રોનિક્સ ઘટક વિનિર્માણ યોજના હેઠળ 24 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. આ નવી મંજૂરી ભારતને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાના પ્રધાનમંત્રી મોદીના વિઝનમાં એક મહત્વપૂર્ણ પગલું છે. દીપેન્દ્ર કુમાર, સાથે અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ)*

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Army-Pakistan claims

ઓપરેશન સિંદૂર દરમિયાન પંજાબમાં ભારતીય લશ્કરી સ્થળો પર હુમલો કરવાના પાકિસ્તાનના દાવાઓને ભારતે નકારી કાઢ્યા છે. ભારતીય લશ્કરી સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાન ભ્રામક અને અપ્રમાણિત ઉપગ્રહ છબીઓ ફેલાવી રહ્યું છે, જેમાં ભારતીય લશ્કરી સ્થળો પર હુમલો કરવાનો ખોટો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ દાવાઓ તથ્યો પર આધારિત નથી, કારણ કે છબીઓમાં દર્શાવેલ સ્થાનોના સ્વતંત્ર નિરીક્ષણમાં સ્થાનોને કોઈ નુકસાન થયું નથી. ચોકીઓમાં ઉલ્લેખિત ભારતીય લશ્કરી સ્થળો અકબંધ છે, અને કોઈ વિસ્ફોટ કે માળખાકીય નુકસાનના કોઈ સંકેતો નથી.

----------

## Shivraj-Farmers

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે ખેડૂતોની આવક વધારવી એ કેન્દ્ર સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. નાસિકમાં, શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ખેડૂતોના કલ્યાણ માટે ઘણી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. તેમણે ખાતરી આપી હતી કે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે તમામ જરૂરી પ્રયાસો ચાલુ રહેશે.

(BYTE- SHIVRAJSINH CHAUHAN)

----------

## BJP-West Bengal

ભારતીય જનતા પાર્ટીએ આજે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. નવી દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયમાં પત્રકારોને સંબોધતા, પાર્ટી પ્રવક્તા ગૌરવ ભાટિયાએ આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી મમતા બેનર્જીની તુષ્ટિકરણ નીતિઓને કારણે ઘૂસણખોરો પ્રત્યે તેમનું વલણ ઉદાર બન્યું છે. તેમણે કહ્યું કે મતદાર યાદી સઘન સુધારણા અભિયાન - SIR એક કાનૂની પ્રક્રિયા છે, પરંતુ મમતા બેનર્જી તેનો વિરોધ કરી રહ્યા છે.

----------

## Vice President, Chennai

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને જણાવ્યું છે કે ભારત 2047 પહેલા વિકસિત રાષ્ટ્ર બનશે. તેઓ આજે ચેન્નાઈમાં ડૉ. એમ.જી.આર. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભારત ટૂંક સમયમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

ઉપરાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણથી આગળ તેમના જ્ઞાનનો વિસ્તાર કરવાનું ચાલુ રાખવા વિનંતી કરી. તેમણે કહ્યું કે ટેકનોલોજીએ ઘણા ફેરફારો લાવ્યા છે, તેથી વિદ્યાર્થીઓએ સમય સાથે અનુકૂલન સાધવું જોઈએ. ઉપરાષ્ટ્રપતિએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ડિગ્રી આપીને સન્માનિત કર્યા.

----------

## Trump-Iran

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે કે જો ઈરાની સુરક્ષા દળો પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરશે તો તેઓ પ્રદર્શનકારીઓની મદદ કરશે.

સોશિયલ મીડિયા સંદેશમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાનમાં ચાલી રહેલી અશાંતિમાં ઘણા લોકો માર્યા ગયા છે. ટ્રમ્પની ટિપ્પણીનો જવાબ

આપતા, એક વરિષ્ઠ ઈરાની અધિકારી, અલી લારીજાનીએ ચેતવણી આપી હતી કે ઈરાનના સ્થાનિક બાબતોમાં અમેરિકાની દખલગીરી સમગ્ર પ્રદેશને અસ્થિર બનાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈરાનમાં ફુગાવાને લઈને કેટલાક સ્થળે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

----------